Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# મહુડી ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં

પ્રસ્તુત કર્તા
રાકેશકુમાર એસ.પટેલ* અને ડૉ.કે.જી.પટેલ**
શોધાર્થી ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ*
એસોસિએટ પ્રોફેસર, હેડ અને પી.જી.ઇન્ચાર્જ ઈતિહાસ વિભાગ, એમ.એન.કોલેજ વિસનગર**

સારાંશ:-

મહુડી સાબરમતી નદીના કિનારે આવેલું ઉત્તર ગુજરાતનું ઐતિહાસિક પ્રવાસન સ્થળ છે. અહીંથી નજીક આવેલા અનોડીયા ગામ પાસેથી નદીની કોતરોમાંથી રોબર્ટ બ્રુશફુટને પ્રાગઐતિહાસિક કાળના માનવીના હથિયારોના અવશેષો પ્રાપ્ત થયા હતા. હાલ મહુડી ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલું છે, અને ગુજરાત રાજ્યનું અતિ મહત્વનું ધાર્મિક પ્રવાસન સ્થળ છે. જૈનો ઉપરાંત જૈનેત્તરો પણ આ સ્થળના દર્શને આવે છે જે તેની એકતા, મહત્તા અને પ્રસિદ્ધિની સાબિતી છે. અહીના આસપાસના ગામોમાંથી મળેલા પ્રાચીન જૈન મંદિરો, શિલ્પો અને અવશેષોના આધારે એ બાબતતો ચોક્કસ કહી શકાય કે આ વિસ્તાર પ્રાચીન સમયથી જ જૈન ધર્મનું મહત્વનું કેન્દ્ર રહ્યું હશે. જેમકે પહેલાની માનવ વસાહતો નદી કિનારે હતી એ બાબત આપણે સૌ જાણીએ છીએ અને ખેતી સાથે સંકળાયેલી હતી, અહી સાબરમતી નદીને કિનારે માનવ વસાહતો હતી. આ બાબતના પુરાવાઓ નદીની કોતરોમાં જોવા મળતા વાસણો, ઠીકરા, અવશેષો અને જીર્ણ થયેલી દેરીઓ, પાળિયા તેમજ આસપાસના ગામો જેવાકે સંઘપુર, ઘાટું ગામમાં આવેલા જુના દેરાસરો ઉપરાંત આસપાસના વિસ્તારમાંથી ક્યારેક જમીનમાંથી મળતી દેવી-દેવતાઓની પ્રતિમાઓ, લોકમુખે સાંભળવા મળતી કીવંદતિઓ અને માળવા સાથેનો રાજકીય અને સાંસ્કૃતિક સંબંધ પ્રસ્થાપિત કરતી કેટલીક કડીઓ એ દિશા તરફ લઇ જાય છે કે આ વિસ્તાર ગુજરાતના શાસકો(ચાવડા, સોલંકી શાસકોના સમયથી) અને માળવાના શાસકો વચ્ચે સીમાવર્તી સ્થાને હશે. સ્થાનિક પાટીદારોમાં જોવા મળતી કેટલીક શાખો જેમકે, ધારાવત, પરમાવત, માલવિયા જે માળવા સાથેના સંબંધને પ્રસ્થાપિત કરતી હોય એમ લાગે છે. આ વિષયે એક ઊંડા અભ્યાસની જરૂર જણાઈ રહી છે. આ ઉપરાંત પ્રાચીન જૈન સાહિત્યોમાંથી પણ ખડાત (જે સંસ્કૃતમાં ષડાયતન) માળવાના રાજા ગદર્ભસેન અને વિક્રમાદિત્યની સાથે સંકળાયેલી બાબતોનો ઉલ્લેખ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરી મહારાજ એમના ગ્રંથ ‘વિજાપુર વૃત્તાંતમાં’ જણાવે છે.[૧]

ચાવીરૂપ શબ્દો:- ષડાયતન, મહુડી, જૈન, વણિક, દેરાસર

મહુડીની ઐતિહાસિકતા તપાસતા માલુમ પડેલ છે કે, હાલનું મહુડી ૭૦૦ વર્ષથી વધુ પ્રાચીન નથી કારણ કે હાલના મહુડી ગામની ઉત્પત્તિ તેની પાસેના જ ગામ ખડાતમાંથી થયેલી છે એના ઐતિહાસિક પ્રમાણ રૂપે જોઇએતો આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરી મહારાજે તેમના પુસ્તક ‘વિજાપુર વૃત્તાંતમાં’ જણાવે છે કે,-

"વિજાપુરથી અગ્નિ ખુણામાં સાબરમતી પાસે ખડાયતા(પ્રાચીન ષડાયતન અપભ્રંશ હાલનું ખડાત) ગામ એક હજાર વરસ લગભગનું જુનું ગણાય છે. મુસલમાનોના હુમલાથી તે ગામ ભાંગી ગયું હતું અને નવું ખડાયત વસાવ્યું છે. જુનું ખડાત ભાંગ્યું ત્યાંથી કેટલાક લોકો નવા ખડાત અને મહુડીમાં જઈને વસ્યા હતા. ખડાયત ગામ સંસ્કૃતમાં ષડાયતન નગર કહેવાતું હતું. જૂના ખડાયતમાંથી ખોદકામ દરમિયાન અજીતનાથની મોટી મૂર્તિ નીકળી હતી. ત્યાં પ્રાચીન જૈન દેરાસર હતું. જેનાં અવશેષો ત્યાં પહેલાં દેખાય હતા. ખડાયતના વણિકોએ જૈન તીર્થંકરોની પ્રતિમા ભરાવી હતી. એ પ્રતિમાનો લેખ (આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજે તેમના પુસ્તક) 'ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ-૧'માં લખેલો છે. એ લેખ પરથી જણાય છે કે, ખડાયત પાસે કોટયર્કનું મંદિર છે. તે ખડાયત ગામ જેટલું પ્રાચીન છે. ત્યાં ખડાયતા વણિકો કોટેશ્વરનાં દર્શન કરવા આવે છે, જે એમના કુળદેવતા છે."[२]

આ વિષ્ણુની અષ્ટભુજ વૈકુંઠ પ્રતિમા ચતુર્દશભુજ છે, ઉપરાંત કોટયર્કમાં સુર્યપુજાના મૂલસ્થાન(મુલતાન)નું અનુસંધાન ધરાવતું સૌરાષ્ટ્રનું થાન અને વિજાપુર પાસેનું કોટયર્ક એ સુર્યપુજાના સોલંકીકાલીન કેન્દ્રો હતા. એટલે કે કોટયર્કમાં સોલંકી સમય દરમિયાન સૂર્ય પૂજા થતી હશે. આ ઉપરાંત અહીંથી કાર્તિકેયની પ્રતિમા પણ મળેલી હતી.[3]

ખડાયતની પાસે એક મહુડાના ઝાડ તળે ગામ વસાવ્યું તેથી તે મહુડી ગામ ગણાય છે. મહુડી લગભગ ૬૦૦ કે ૭૦૦ વર્ષ જુનું હશે. શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજ તેમના પુસ્તકમાં વધુમાં જણાવે છે કે-,

"ખડાયત અને મહુડીથી સાતસો વરસ ઉપર એક ગાઉં છેટે સાબરમતી નદી વહેતી હતી. એમ નદીના વહેણ ઉપરથી તેમજ લોકશ્રુતિથી જણાય છે. કોટેશ્વર અને ખડાયતના આરે નદીમાં એક જૂની વાવનો છેલ્લો કોઠો છે, અને વિ.સં. ૧૯૬૩માં રેલ આવી હતી ત્યારે દેખાયો હતો તે પરથી કહી શકાય છે કે તેથી પૂર્વે સૂરજકુંડની પેલી તરફ નદી વહેતી હોવી જોઈએ. મહુડીના આરે નદીના પ્રવાહમાં એક કુવો છે તેથી પણ ત્યાંથી પહેલાં સાબરમતી એક ગાઉં દુર વહેતી હતી એમ સિદ્ધ થાય છે. હાલના વઝોડાની ઝાડીમાં(સ્થાનિક સ્થળનું નામ) તે પહેલાં વહેતી હતી. કોટયર્કની પાસે એક જુનું મહાદેવનું દેહરું છે. જૂના મહુડી ગામમાં એક જૈન દેરાસર હતું. વિ.સં. ૧૯૭૧માં જૂની મહુડીમાં ઠેઠ, નદી પાસે આવવાથી તથા કોતરો પડી જવાથી જૂની મહુડીથી આથમણી દિશાએ બે ચાર ખેતર દુર નવું મહુડી ગામ વસ્યું."[૪]

નવી મહુડીને મધુપુરી નામ બુદ્ધિસાગર મહારાજે આપ્યું છે. તેમણે ત્યાં ઉપદેશ આપીને શ્રી પદ્મપ્રભુનું નવુ દેરાસર બંધાવ્યું છે. તેમાં જૂની મહુડીના દેરાસરમાંથી શ્રી પદ્મપ્રભુની પ્રતિમા લાવી પધરાવી છે. વિ.સં. ૧૯૭૫માં દેરાસરની પાસે શ્રી ઘંટાકર્ણવીરની દેરી બંધાવીને તેમાં ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠા વિ.સં.૧૯૮૦માં બુદ્ધિસાગર મહારાજે કરી છે. પદ્મપ્રભુના દેરાસરમાં શ્રીમદ્ રવિસાગર ગુરૂની અને શ્રી સુખસાગર ગુરૂની મૂર્તિની પ્રતિષ્ઠા બુદ્ધિસાગર મહારાજે કરી અને ત્યાં સ્થાપી છે. શ્રી પદ્મપ્રભુના દેરાસરની ત્રણ ખેતર પાછળ વૈદિક હિંદુઓના કોટેશ્વરનું નવું દેરાસર તૈયાર થયું છે. ખડાયતા અને મહુડી (મધુપુરી) પાસે પાસે આવેલાં છે. ખડાયતા અને મહુડી ગામ બે જૂના હતાં, તે નવાં વસેલાં છે, અને તેનાથી ઉત્તર દિશાએ કણબીઓએ નવુ

ખડાત પરૂ વસાવ્યું હતું. (જે હાલ લગભગ સવાસો વર્ષ જેટલું જુનું હશે. જે હાલ પટેલપુરા ખડાત તરીકે ઓળખાય છે)

બુદ્ધિસાગર મહારાજ તેમના પુસ્તક વિજાપુર વૃત્તાંતમાં જણાવે છે કે-,

"જુનું પ્રાચીન ખડાયતા, હજાર બે હજાર બલકે તેથી પણ પ્રાચીન હોવાનો સંભવ છે. જૈનાચાર્ય કાલિકાચાર્યના સમયમાં માળવામાં થયેલ ગર્દભસેન અને કાલિકાચાર્ય બન્નેનો ઈતિહાસ, જૈન ઐતિહાસિક ગ્રંથોમાંથી નીકળે છે. ગર્દભસેનનું રાજ્ય માળવામાં હતું, પરંતુ ખડાયતા (ષડાયતન) સુધી તેની છેલ્લી રાજ્યની હદ હતી, એમ ખડાયતા (ત્રંબાવતી) નગરી અને ગર્દભસેનની જૂની કિવંદન્તી વાતોના આધારે કલ્પી શકાય છે. ગર્દભસેનને માંત્રિક ગર્દભી વિદ્યા સાધ્ય હતી. તેનો સંબંધ ખડાયતા નગરીની સાથે આવે છે. તે બે હજાર વર્ષ પૂર્વનું અર્થાત વિક્રમ રાજાના કાકા ગર્દભસેનના વખતનું નગર છે, એમ કંઈક અનુમાન ઉપરથી લાગે છે. ખડાયતામાંથી પ્રાચીન મોટી ઈંટો નીકળે છે. અમે તે ઈંટો તે વખતે જોઈ હતી. દોઢ હજાર બે હજાર વર્ષના નગરોનાં ખંડેરની એવી પ્રાચીન ઈંટો નીકળે છે. વિક્રમાદિત્યના રાજ્યકળની હજી ઈતિહાસકારોએ એક નિશ્ચય કર્યો નથી પણ તે વખતમાં આ નગરી વિદ્યમાન હતી. ખડાયતને (ષડાયતન) નગર કહેવામાં આવતું હતું. ખડાયતથી પૂર્વે નદી એક ગાઉ દૂર વહેતી હતી. હજાર બારસે વર્ષ પર અડધો ગાઉં દૂર વહેતી હોવી જોઈએ. કારણ કે હાલનું જુનું ખડાયત છે તેની ઉગમણી દિશાએ જ્યાં નદીનો પ્રવાહ વહે છે. તે નદીમાં એક જૂની વાવ (વાપિકા) છે. અને તે વિ.સં. ૧૯૬૩માં સાબરમતીમાં પુર આવ્યું હતું ત્યારે તે વાવને કોટયાર્કના બળદેવ મુખીયા વગેરેએ તથા મહાજનના આગેવાનોએ દીઠી હતી. તે વાવનો છેલ્લો કોઠો છે. અને તે પથ્થરનો બનાવેલો છે. હાલ તે નદીમાં છે તે ઉપરથી અનુમાન થાય છે કે નદીની પાસે વાવ તો કોઈ કરાવે નહીં. પણ નદી ત્યાંથી માઈલ દુર હોય તો વાવ કરાવવાની જરૂર પડે. તેમજ મહુડીના આરે કોટયાર્ક મંદિરના ચઢવાના માર્ગે નદીમાં એક કુવો છે. તે પણ એમ જણાવે છે કે સાબરમતી પોણો માઈલ દુર પહેલાં વહેતી હોવી જોઈએ. કોટયાર્કના સામે કાંઠે વઝોડાની ઝાડી છે અને ત્યાં સૂર્યકુંડ છે, તે વઝોડાની ઝાડીની પેલી તરફ નદી વહેતી હતી એમ વૃદ્ધોની કિવંદન્તી છે. નદીઓ વારંવાર સ્થાન બદલ્યા કરે છે. સંઘપુર, ઘસાતા પાસેના નદીનાં વહેણ જોતાં અસલ વઝાડોની પાસે અને તેથી પૂર્વે તેની ઉગમણી દિશાએ સાબરમતી વહેતી હોવી જોઈએ. ખડાયતા જૂની નગરી હતી પણ તે સંબંધી તેની પ્રાચીનતાના ઘણા પ્રાચીન લેખો મળી આવ્યા નથી, પણ ભવિષ્યમાં લેખો મળે તેવો સંભવ છે. ફાર્બસ રાસમાળામાં ખડાયતનું નામ આવે છે. વિજલદેવ પરમારે જ્યારે વિજાપુર પાસેનું મસીયા મહાદેવ પાસેનું કોટકા ગામ માર્યું ત્યારે તેને ખડાયતની મદદ લીધી હતી. વિ.સં. તેરમાં સૈકામાં વિજલદેવ પરમારે વિજાપુરનો જીર્ણોદ્ધાર કર્યો હતો. તે વખતે ખડાયત જુનું હયાત હતું, અને ત્યાં ક્ષત્રિઓની રાજ્યસત્તા હોવાનું સિદ્ધ થાય છે. વિ.સં. ૧૩૫૬-૫૭ માં દિલ્હીના આલ્લાઉદીન બાદશાહના ગુજરાતના સેનાપતિ જફરખાને પાટણ જીત્યું અને તેણે સિદ્ધપુર, વડનગર, વિજાપુર, વિસનગર અને ખડાયતનાં મંદિરો તોડયા, વિ.સં. ૧૩૩૩ લગભગમાં તો ખડાયતમાં ખડાયતા વાણિયાઓએ જૈન પ્રતિમા ભરાવી (કરાવી ) હતી, તેવો ધાતુ પ્રતિમાનો લેખ છે. ખડાયતમાં જે વાણીયાઓ વસતા હતા તે વિ.સં.૧૩૫૬માં જફરખાનની ચડાઈથી અને પંદરમાં સોળમાં સૈકામાં અમદાવાદના સુલ્તાન

અહમદશાહ તથા મહમદ બેગડાની દેરાસર તોડવાની ચડાઈથી કંટાળીને અહીંથી તેઓ નડિયાદ, મોડાસા, હળદરવાસ, ઉમરેઠ વગેરે તરફ રહેવા ગયા. ખડાયતા વાણિયાઓ પહેલાં જૈન શ્રાવકો હતા ને પાછળથી તેઓ વૈષ્ણવો થયા એમ જૈન ધાતુ પ્રતિમાઓના લેખો ઉપરથી માલુમ પડે છે. ગુજરાતના સેનાપતિ જફરખાન તથા ગુજરાતના સુલતાન અહમદશાહ વગેરેના વખતમાં ખડાયત ભાગ્યું અને મંદિરો તૂટ્યા કોટયાર્કનું  મંદિર પણ તે વખતે તૂટેલું અને પાછળથી પંદરમાં સોળમા સૈકામાં નવું બંધાયેલું લાગે છે. તેનું કારણ એ છે કે હાલના કોટયાર્ક મંદિરમાં પંદરમાં સોળમા સૈકાની ઈંટો ભીંતોમાં ચણાએલી છે. ખડાયત ગામના જૂના આરા પાસે નદીના કાંઠે પહેલા મહાદેવનું દેરૂ હતું. હાલનું જે જુનું ખડાયતા ગામ છે તેમાં એક બે જૈન દેરાસરો હતાં એમ અનુમાન થાય છે અને તે જૈન ખડાયતા વાણિયાઓએ કરાવેલાં હતાં. હાલમાં નવા ખડાયતા ગામ પાસેથી એક કોતર ઓળંગીને ટેકરા પર ચઢીને ઉપર જતાં જુનાં ખડાયતનાં ખંડેરો ઈંટો તથા પથ્થર વાળાં દેખાય છે. ટેકરા પર એક આરસ પહાણની જૈન અંબિકા દેવીની મૂર્તિ છે. તે પર પૈસો ખખડાવતાં ધાતુના જેવો અવાજ થાય છે. તે મૂર્તિની પાસે એક જૈન મૂર્તિનું એક મસ્તક છે. તેની પાસે પાષાણની દેવીની મૂર્તિયો છે. ત્યાં આગળ ક્ષત્રિઓ હોમ-હવન કરે છે. ત્યાંથી આગળ જતા શ્રી અજિતનાથ તીર્થંકરની કાઉસગ્ગીયાની પશિકરવાળી ઊભી ત્રણ ચાર હાથ પ્રમાણવાળી મોટી મૂર્તિ છે. તેના પગ નીચે લેખ છે આ કયું નગર છે તે બરાબર વંચાતું નથી. બીજું નગર ભાંગ્યું હોય ત્યારે ત્યાંની મૂર્તિઓ અહીં લાવ્યા હોય અને અહીં નવું દેરાસર બંધાવી તેમાં જુના દેરાસરમાં પ્રતિષ્ઠિત કરી હોવી જોઈએ. સાંકળેશ્વર મહાદેવના દેરાની ઉત્તરે દિશાએ થોડે દુર બુદ્ધિસાગર મહારાજે એક જૈન પ્રતિમાની અડધી પલાઠીવાળી મૂર્તિ, પથ્થરની દીઠી હતી. તે ઉપરથી એમ જણાય છે કે પહેલાં શેરીસાની પેઠે અહીં પણ ખારા પથ્થરની મૂર્તિયો હશે અને તે બાદશાહે ભાંગી નાખી હશે. સત્તરમાં સૈકા પછીથી તો અહીંથી ખડાયતા વણિકોએ સાવ સ્થળાંતર કરી બીજે ઠેકાણે કાયમનો વસવાટ કરેલો જણાય છે. ખડાયત જૂના ગામમાં બે ત્રણ કોતરા પડયાં છે. તેમાંથી પાણીનાં ઝરણાં નીકળે છે ખડાયતના વાણિયાઓને ખડાયતા વણિકો કહે છે અને બ્રાહ્મણોને ખડાયતા બ્રાહ્મણો કહે છે ખડાયતા વાણિયાના બે ભેદ છે. વીશા ખડાયતા (વૃદ્ધ ખડાયતા) અને દશા (લઘુ) ખડાયતા દરેક વણિક જાતિની વસ્તુપાળ અને તેજપાળે પાટણમાં ચોરાશી નાતો જમાડી ત્યારથી વીશ અને દશા એ બે ભેદ પડ્યા છે. વસ્તુપાળ રાસમાં તે સંબંધી હકીકત જણાવી છે, કોઈએ જ્ઞાતિ વિરુદ્ધ કાર્ય કર્યું હોય અને તેના પક્ષમાં જે વણિકો હોયતે દશાની સંજ્ઞાને પામ્યા હોય છે અને એમાં પણ પુન લગ્નાદિક દોષેભેદ પડવાથી પાંચા વાણિયાની અટક પછી હોય એમ સંભવે છે. તે અત્રે પ્રસંગોથી જણાવવામાં આવ્યું છે. ચારસે પાંચસે વર્ષ ઉપર મહુડી ગામ વસેલું હોય એમ અનુમાન થાય છે. ક્ષત્રપો, ચાવડા, સોલંકી, વાઘેલા અને ગુજરાતના સુલતાનોના વખતમાં સાબરમતીના કાંઠા પર આવેલા ક્ષત્રિઓને તાબે કરી તેમની પાસેથી વાર્ષિક આંકરો દંડ લેવામાં આવતો હતો. ગાયકવાડી રાજ્યના સ્થાપના કાળમાં પણ સાબરકાંઠાના ખડાયત, ઘસાયતા, મહુડી, વાઘપુર, અનોડીયા, ઘાટું, આગલોડ, રણસીપુર, વગેરે ગામ આંકડિયા તરીકે કાયમ રહ્યા છે. આ ગામો ગાયકવાડ સરકારને અમુક આંકડો ભરતા હતા. પણ તે  આંકડાને ગાયકવાડે વધારી દીધો હતો. તેથી સાંકડી દશામાં આવી પડ્યા હતા. જુના મહુડી ગામમાં વીશ જૈન શ્રાવક વણિકનાં ઘર અને

એક જૈન દેરાસર હતું. ત્યાં મોટાં કોતર પડવાથી મહારાજશ્રીના ઉપદેશથી વિ.સં. ૧૯૭૧ની સાલમાં મહાજને નવું મહુડી ગામ વસાવવાનો ઠરાવ કર્યો અને ઉપદેશથી નવા મહુડી (મધુપુરી) માં શ્રી પદ્મપ્રભુનું જૈન દેરાસર તથા એક ઉપાશ્રય તથા શ્રી ઘંટાકર્ણ મહાવીરનું મંદિર બંધાવ્યું છે. વિ.સં. ૧૯૧૪ની સાલમાં મહુડી પાસેના અનોડીયાના સાત વાસના ગામે અંગ્રેજ સરકારને હથિયાર નહીં આપવા સંબંધે લડાઈ કરી હતી. અંગ્રેજ સરકારે વાઘપુરના કાંઠે આવી તોપોથી અનોડીયાના સાત વાસ બાળી મુક્યા હતા, તેમણે કોતરોમાં ઉતરીને પોતાનો બચાવ કર્યો હતો, પણ હથિયારો આપ્યાં નહોતાં. ખડાયત મહુડીમાં કોટયાર્કનું વૈષ્ણદેવનું મંદિર છે. અને ત્યાં વિષ્ણુની મૂર્તિ છે. ત્યાં કારતક સુદ ૧૧થી પુનમ સુધી મેળો ભરાય છે. જુનું કોટયાર્કનું મંદિર છે તે સાબરમતીના કાંઠા પર પડી જાય તેવી હાલતમાં આવેલું છે. તેનાથી પશ્ચિમ દિશાએ સાંકળેશ્વર મહાદેવનું દેવળ છે. હવે કોટયાર્કનું મંદિર કાંઠાના તુટવાથી જોખમમાં આવે એવું લાગવાથી ખડાયતા વૈષ્ણવ વણિકોએ શ્રી ઘંટાકર્ણ મહાવીરના મંદિરની પાછળ ત્રણ ચાર ખેતર પર ટેકરા પર વિ.સં. ૧૯૭૧ થી નવુ કોટયાર્કનું મંદિર બાંધવા માંડ્યું હતુ. ખડાયતા અને મહુડીની હવા સારી છે. આંબાઓ અને મહુડાઓનાં ઘણાં વૃક્ષો છે. તે ઋષિ ભૂમિ કહેવાય છે. જૂના કોટયાર્કનાં મંદિર પાસે નદીના કાંઠા પર બેસીને નદી, ઝાડી અને કોતરોનું નિરીક્ષણ કરનારને આનંદ મળે છે. આવી જગ્યા એ ગુરૂકુલોની આવશ્યકતા સિદ્ધ કરે છે. અહી આસપાસના ગામોના લોકોનો હાલ મુખ્ય વ્યવસાય ખેતીનો છે. મહુડીના મહાજનનું જોર સારૂ છે, અને તેથી મહુડીની તથા ખડાયતાની જમીનમાં શિકાર થતો નથી. કોટયાર્કમાં બળદેવ મુખી, પુજારી સારા હતા. તે મૃત્યુ પામ્યા છે. સાબરકાંઠામાં ખડાયત મહુડીનો કાંઠો ખાસ રમણીય દર્શનીય ને આનંદદાયક છે. જુના સંઘપુરમાં શ્રી ચંદ્રપ્રભુનું દેરાસર હાલ જીર્ણ દશામાં કાયમ છે."[૫]

આમ, બુદ્ધિસાગર મહારાજે આ વિસ્તારનું ઐતિહાસિક વિવરણ પોતાના પુસ્તકમાં ઉપર મુજબ કરેલ છે. હાલ ખડાત ગામના સાત પરા અસ્તિત્વમાં છે અને મહુડી એક અલગ ગામ તરીકે પોતાની આગવી પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરી ચુક્યું છે. મહુડી આજે સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે.

મહુડીના મંદિરમાં ઘંટાકર્ણજીનાં મંદિરનો મહિમા જૈન તેમજ જૈનેતર સમાજના હજારો યાત્રાળુઓને તહેવારો અને રજાઓના દિવસે આકર્ષે છે. મહુડીમાંજ હિંદુ વણિકોનું જુનું તીર્થ છે કોટયર્કજી જે ખડાયતા વણિકોના કુળદેવ છે. શ્રી કોટયર્કજીનું જુનું મંદિર નદી પાસે હતું. જ્યાંથી દેવમૂર્તિને નવા બંધાયેલા વિશાળ મંદિરમાં ખસેડવામાં આવી છે. તે સાથે પુરાણા મંદિરના ગોખમાંની જ એક-બે સુંદર શિલ્પાકૃતિઓ પણ ત્યાં ખસેડાઈ તેમાં બાળકને ઊંચકી ઉભેલી અને સાથે મસ્તી કરતા બાળકનું શિલ્પ મૂર્તિસૌંદર્યની દ્રષ્ટિએ બેનમુન ગણાય છે.[૬] મહુડીનું વીર ઘંટાકર્ણનું મંદિર લંબચોરસ ઘાટનું પૂર્વાભિમુખ ધાબાબંધી મંદિર છે. એના પશ્ચિમ છેડે કરેલા ગર્ભગૃહમાં ધનુષ્ય-બાણ ધારણ કરેલ વીર ઘંટાકર્ણની દ્વિભુજ ઊભી મૂર્તિની પ્રતિષ્ઠા કરેલી છે. મહુડીનું વીર ઘંટાકર્ણનું પ્રખ્યાત મંદિર સં-૧૯૮૦માં બંધાવ્યું છે.[૭] સાથે બીજા દેવનું પણ દેરાસર પરિસરમાં આવેલું છે. મહુડી જૈન દેરાસરના સ્થાપક અને આજે જે ગુજરાતનું નામાંકિત સ્થળ બન્યું છે તેની પાછળ જો કોઈનું મહત્વનું યોગદાન હોય તો એ છે આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ (ઈ.સ.૧૮૭૪-૧૯૨૫) જેઓ જૈન ધર્મના એક મહાન શાસ્ત્રવિશારદ અને

યોગનિષ્ઠ આચાર્ય હતા. તેઓ કવિ, તત્વજ્ઞ, વક્તા, લેખક, વિદ્વાન યોગી અને અવધૂત હતા. એમની જીવનદ્રષ્ટિ સારગ્રાહીઅને ગુણાનુરાગી હતી. તેઓ પોતાના ઉપદેશ આચરણ અને લેખન દ્વારા વીતરાગ પંથનું પ્રતિપાદન કરતા. એમણે લગભગ ૧૨૫ જેટલા વિવેચનાત્મક કે સંપાદિત, ગદ્ય અને પદ્યાત્મક તેમજ સંસ્કૃત ભાષામાં ગ્રંથો લખ્યા છે. સમાજજીવનમાં બાળલગ્ન, કન્યાવિક્રય, વિધવા વિવાહ, વરવિક્રય વગેરેમાં એમનાં વિચાર સુધારકતાના હતા. રાષ્ટ્રજીવનમાં ગાંધીજીના રાજદ્વારીવિચારોની છાપ તેમના સાહિત્યમાં જોવા મળે છે.[૮] વિજાપુરમાં જન્મેલા જૈન આચાર્ય બુદ્ધિસાગરસૂરિ (ઈ.સ.૧૮૧૪-૧૯૨૫) ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. એમણે લગભગ ૧૦૮થી પણ વધુ સાહીત્યોની રચના કરી હતી.[૯]

મહુડી ગાંધીનગર વિજાપુર હાઈવેથી પાંચ કિ.મીના અંતરે આવેલ છે અને ગાંધીનગરથી ૪૮ કિ.મીના અંતરે સાબરમતી નદીના કિનારે આવેલું છે. મહુડી (મધુપુરી) ગામ એ ગુજરાતના મહત્વના દર્શનીય પવિત્ર તીર્થ સ્થાનોમાં જૈન ધર્મના અગ્રગણ્ય તીર્થ ધામ તરીકે સુપ્રસિદ્ધ છે.[૧૦]

મહુડી ગામમાં અતિ પ્રાચીન શ્રી પદ્મપ્રભુસ્વામી ભગવાનનું જિનાલય હતું. જે સાબરમતી નદીના અતિ પ્રચંડ પુરના કારણે ગામમાં પાણી ભરાતા લોકો ભયમાં આવી જતાં અગ્રણી જૈનોએ નવા ગામમાં વસવાટ કર્યો અને નુતન જિનાલય નિર્માણ કરાવી મૂળ નાયક શ્રી પદ્મપ્રભુસ્વામી ભગવાન, શ્રી ચંદ્રપ્રભુસ્વામી ભગવાનની પ્રતિષ્ઠા પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.એ. વિક્રમ સવંત ૧૯૭૪માં માગશર સુદ-૬ ના દિવસે કરી. ઘંટાકર્ણ મહાવીર દેવની સ્થાપના વિ.સં. ૧૯૮૦ના માગશર સુદ-બીજના દિવસે પ્રતિષ્ઠા કરી. દેવનું નામ 'ઘંટાકર્ણ' જે જાણીતા વિરોમાના એ એક ઉંચા સ્તંભ પર એક મોટો ઘંટ પણ મંત્રિત કરી મુક્યો છે. જે ઘંટ આજે પણ દેવનો મહિમા ગજવી રહ્યો છે.

તીર્થધામ મહુડી (મધુપુરી)માં શ્રી ઘંટાકર્ણ મહાવીરનું ભવ્ય મંદિર આવેલું છે. દિવસે-દિવસે મહુડી તીર્થનો મહિમા વધતો જાય છે. જૈન અને જૈનેતરો દરરોજ શ્રી ઘંટાકર્ણ મહાવીરના દર્શને આવે છે. આજે મહુડીમાં હાજરા-હજુર દેવ ઘંટાકર્ણ વીરનું તીર્થ બન્યું છે. અઢારે આલમના યાત્રાળુઓ આવીને દેવને ચરણે ભાવભીની આરાધના કરે છે. વર્ષે લગભગ પચ્ચીસથી એંશી હજાર યાત્રાળુઓ આવે છે. અઢારે કોમના લોકો માટે મહુડી તીર્થ શ્રદ્ધાનું પરમ સ્થાન છે. કહેવાય છે કે, અહીં આવીને સાચા હદયથી કોઈ સંકલ્પ કરાય તો મનોવાંછિત કામના પૂર્ણ થાય છે.[૧૧] આ મંદિરની વિશેષતા એ છે કે બાર મહિને એકવાર કાળી ચૌદશની રાત્રિએ હોમ હવન સાથે કેસર પૂજા થાય છે. મહુડી જૈન તીર્થ ધામમાં સુખડીનો પ્રસાદ ભગવાનને ચડાવવામાં આવે છે. સુખડી સાત રૂપિયાથી માંડીને સવાલાખ રૂપિયા સુધીની પ્રસાદરૂપે ચડાવાય છે. સુખડીનો પ્રસાદ મંદિરની બહાર લઈ જવાતો નથી, આશરે ૩૫ એકરના વિસ્તારમાં વિસ્તરેલા આ ધર્મ સ્થાનમાં યાત્રાળુઓના ધસારાને પહોંચી વળવા ધર્મશાળા છે. નવી ભોજનશાળા પણ બનાવવામાં આવેલ છે. કાળીચૌદશના દિવસે ચાલીસથી પચ્ચાસ હજાર લોકો આ રસોડે જમે છે.[૧૨]

મહુડી જૈન તીર્થ ગુજરાત રાજ્યનું મહત્વનું પ્રવાસન સ્થાન ગણાય છે. આ પ્રવાસન સ્થળે કાળીચૌદશ, રવિવાર, પુનમ અને દરેક મહિનાના પ્રથમ દિવસે શ્રદ્ધાળુઓની સંખ્યા વિશેષ જોવા મળે છે. પ્રવાસમાં આવનાર પ્રવાસીઓ માટે આ તીર્થક્ષેત્રમાં વિવિધ સગવડતાઓ પૂરી

પાડવામાં આવે છે. રહેવા માટેની સુંદર ધર્મશાળા, ભોજન માટે ભોજનશાળા તથા પાણીની સગવડ સુખડીના પ્રસાદની સગવડ આપવામાં આવે છે. સુખડી શુદ્ધ ઘીમાં મંદિર પરિસરમાં જ બનાવવામાં આવે છે. અને મંદિર પરિસર બહાર સુખડીનો પ્રસાદ લઈ જવાતો નથી. જૈન શાસનમાં આ એક ધર્મ સ્થાન એવું છે કે જ્યાં સુખડીનો નૈવેધ ધરાવી મંદિરના પટાંગણમાં જ એ પ્રસાદ વહેંચી દેવો પડે છે. પરિણામે ભક્તો ધરાઈ જાય એટલી બધી સુખડી મહુડીમાં વહેચાય છે. એવી માન્યતા જૈનો તેમજ જૈનેતરોમાં પ્રચલિત છે. એ પાછળનો ઉદેશ્ય એ હતો કે વધેલો પ્રસાદ ભક્તો ઘરે લઇ જાય એના કરતા ગરીબો અને જરૂરિયાત મંદોના પેટની ભૂખ છીપાય એવો હતો. શ્રી પદ્મપ્રભુના અધિષ્ઠાયક દેવ, શ્રી ઘંટાકર્ણ વીર પ્રભુની પાસેથી શ્રદ્ધાથી પહોંચનારની શ્રદ્ધા ક્યારેય નિષ્ફળ જતી નથી એવી લોક શ્રદ્ધા છે. અહી તીર્થ સ્થાનની સાથે-સાથે શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજ પ્રદર્શન, જીવન ચરિત્ર, મંદિર, પુસ્તકાલય તેમજ ગુરૂજીના પુસ્તકોનો સંગ્રહ છે. આ તીર્થ સ્થાનમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી જૈન તથા જૈનેત્તર લોકો દર્શનાર્થે આવે છે. આ ઉપરાંત વિવિધ પ્રવાસ આયોજકો ગાંધીનગર, અમદાવાદના પ્રવાસે જતા ઉત્તર ગુજરાતના પ્રવાસોના આયોજન વખતે મહુડી તીર્થ સ્થાનનો સમાવેશ કરવામાં આવે છે. એટલે કે શાળા કોલેજોના વિવિધ પ્રવાસ ધ્વારા પ્રવાસીઓ દર્શનનો લાભ લે છે. ગુજરાત ઉપરાંત ભારતના વિવિધ રાજ્યો રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ વગેરેથી લોકો દર્શનાર્થે આવે છે. ભારત સિવાય વિદેશમાં વસતા NRI ભક્તો પણ આ તીર્થ સ્થાને દર્શનનો લાભ લેવા આવે છે. આજના સમયમાં મહુડીમાં વિવિધ પ્રકારની સુવિધાઓ વધતી ગઈ છે. તેમ તેમ પ્રવાસીઓને મહુડી આવવા મુશ્કેલી પડતી નથી. મહુડી આવવા માટે જાહેર-ખાનગી વાહનવ્યવહારની સુવિધા પણ ઉપલબ્ધ છે. મહુડી મંદિર પરિસરના બહારના ભાગમાં નાના-મોટા દુકાનદારો પોતાની રોજી-રોટી માટે વ્યવસાય અર્થે આવે છે. આર્થિક દ્રષ્ટિએ પણ આસ-પાસનાં લોકોને રોજગારીની તકો આ મંદિર પુરી પાડે છે. બહારગામનાં પ્રવાસીઓના સંપર્કથી તેમની વર્તણુકથી સ્થાનિક લોકોની રહેણીકહેણીમાં પણ દિનપ્રતિદિન પરિવર્તન આવતા રહે છે. જેમ કે શિક્ષણમાં, વ્યવસાયમાં, બોલચાલમાં વગેરે. મહુડી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ દ્વારા મંદિરમાં તમામ સગવડો ઉભી કરવામાં આવી છે. યાત્રિકોને અગવડ ન રહે તે રીતે સુંદર આયોજન કરવામાં આવેલ છે.[૧૩]

ઉપરોક્ત વિવરણ પરથી એ અનુમાન ચોક્કસ કરી શકાય કે મહુડી એક ઐતિહાસિક સ્થળ છે અને એની પાસેનું ખડાત ગામ જૈન અને વૈષ્ણવ વણિકો એવા ખડાયતા વણિકોની મૂળ ભૂમિ છે. આજે તો મહુડી ગુજરાતના પર્યટક સ્થળોમાંનું એક ગણાય છે. તમામ સંપ્રદાયના લોકો પ્રવાસ માટે મોટી સંખ્યામા આવે છે. મહુડી મંદિરના અને પર્યટન સ્થળના કારણે લોકોને રોજીરોટી પણ મળે છે. એક સમયે અહીની સ્થાનિક વસતી શિક્ષણ પ્રત્યે બેદરકાર હતી જે આજે શિક્ષિત બની સારી એવી સરકારી સેવાઓમાં પણ જોડાયેલી છે જેના પાછળનું કારણ આ વિસ્તારનો પર્યટન સ્થળ તરીકે થયેલો વિકાસ જ કારણભૂત છે. ગામમાં પ્રાથમિકથી લઈને માધ્યમિક સુધીની શાળાઓ આવેલી છે શાળાઓમાં બાળકોને દરરોજ મંદિર તરફથી વિનામૂલ્યે શુદ્ધ ઘી ની સુખડી આપવામાં આવે છે. મંદિરમાં પણ કેટલાય કર્મચારીઓ સવેતન સેવાઓ આપે છે એટલે કે આર્થિક વિકાસમાં પણ આ મંદિરનું યોગદાન મહત્વનું ઘણી શકાય.

પાદટીપ

૧. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સુરીશ્વરજી મહારાજ, ‘વિજાપુર(વિદ્યાપુર) બૃહદ્ વૃત્તાંત’, શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ,૧૯૨૫. પૃ-૨૩

૨. એજન પૃ-૮

૩. શાસ્ત્રી હરિપ્રસાદ, ‘ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ-પ્રાચીનકાળ’,યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,પાંચમી આવૃત્તિ,૨૦૧૬,પૃ-૧૭૪,૧૮૭,૧૮૮.

૪. પૂર્વોક્ત-૧ પૃ-૯

૫. એજન પૃ-૨૩

૬. વ્યાસ રજની,ગુજરાતની અસ્મિતા, અક્ષરા પ્રકાશન, તૃત્તીય આવૃત્તિ, ૨૦૦૦, પૃ-૩૯.

૭. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર અને પરીખ પ્રવિણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ આઝાદી પહેલા અને પછી (ઈ.સ.૧૯૧૫ થી ૧૯૬૦), ભો.જે.વિદ્યાભવન, ગુર્જર પ્રકાશન, પ્રથમ આવૃત્તિ,૧૯૮૭,પૃ-૪૩૨-૪૧૬.

૮. એજન-પેજ નં-૩૫૪

૯. એજન-પેજ નં-૩૨૪

૧૦. મહુડી, માહિતીખાતું ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત પુસ્તિકા.

૧૧. દેસાઈ કુમારપાળ, બાળકોના બુદ્ધિ સાગર સૂરિજી, શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિ પૂજક ટ્રસ્ટ, મહુડી, ચોથી આવૃત્તિ, ઈ.સ.૨૦૧૪ પૃ-૨૦૧,૨૦૨.

૧૨. શાહ પરેશભાઈ, લાયબ્રેરીયન, મહુડી મંદિર પુસ્તકાલયની રૂબરૂ મુલાકાત.

૧૩.દેવુ મોતીભાઈ હીરાજી, ‘ગાંધીનગર જિલ્લો પ્રવાસનની દ્રષ્ટિએ’, સૌરાષ્ટ્ર યુનીવર્સીટી, રાજકોટ, ઈ.સ. ૨૦૧૭, અપ્રગટ મહાશોધનિબંધ.